નિયામક,
અન્ન અને નાગરિક પુરવઠા કચેરી

સત્યમેવ જયતે

બ્લોક નં.૧૪, છઠ્ઠો માળ,
નવા સચિવાલય, ગાંધીનગર.
ફોન નં. ૦૭૯૨૩૨- ૫૧૧૭૦
E-Mail: dire-cs-fcs@gujarat.gov.in

<u>અગત્યનું/તાત્કાલિક</u>

નં.પીડીએસ/ખાંડતેલમીઠું/ફાળવણી/મીઠું/૦૪/૨૦૨૪-૨૫/૨૭૯૮

તા. ૨૪/૦૭/૨૦૨૪

પ્રતિ,

(૧) જિલ્લા પુરવઠા અધિકારીશ્રી (તમામ)

(૨) નાયબ અન્ન નિયંત્રકશ્રી,
અન્ન અને નાગરિક પુરવઠા નિયંત્રકની કચેરી,
લાલ દરવાજા, અમદાવાદ શહેર.

**વિષય: ઓગષ્ટ-૨૦૨૪ના માસમાં ડબલ ફોર્ટિફાઇડ મીઠાના જથ્થાનું તમામ NFSA અને Non NFSA બી.પી.એલ. કાર્ડધારકોને વિતરણ કરવા બાબત.**

**સંદર્ભ:** અ.ના.પુ. અને ગ્રા.બા. નો વિભાગ, ગાંધીનગરનો ઠરાવ ક્રમાંક:બજટ/૧૧/૨૦૨૨/૯૫/ક, તા.૨૫/૦૪/૨૦૨૨

ઉપરોક્ત વિષયે જણાવવાનું કે, સરકારશ્રીના સંદર્ભિત ઠરાવથી ચાલુ વર્ષ ૨૦૨૨-૨૩ થી જાહેર વિતરણ વ્યવસ્થા અંતર્ગત રાજ્યના **તમામ NFSA તથા Non NFSA બી.પી.એલ. કાર્ડધારકોને પ્રતિ કાર્ડ ૧ કિ.ગ્રા. પ્રતિ કિલોના રૂ.૧/- ના ભાવથી ડબલ ફોર્ટિફાઇડ મીઠાના** જથ્થાનું વિતરણ કરવા ઠરાવેલ છે.

સદર બાબતે ડબલ ફોર્ટિફાઇડ મીઠાના જથ્થાનું વિતરણ કરવા માટે **ઓગષ્ટ-૨૦૨૪ના** માસ માટે તા.૧૮/૦૭/૨૦૨૪ની સ્થિતિના ઓનલાઇન Abstract Summary કાર્ડના આધારે જિલ્લાવાર **૫૦% ફાળવણી** કરવામાં આવેલ છે. જેનું પત્રક આ સાથે સામેલ છે. તદ્દનુસાર **ઓગષ્ટ-૨૦૨૪ના** માસમાં આપના જિલ્લામાં વ્યાજબી ભાવના દુકાનદારોના લોગીન આઇ.ડી.માંથી સમયસર ચલણ જનરેટ થાય અને સમયસર ચલણના પૈસા ભરાઇ જાય તેમજ ડોરસ્ટેપ ડીલીવરી મારફત જે તે માસનું વિતરણ શરૂ થયા પહેલા તમામ દુકાનો સુધી જથ્થો પહોંચી જાય તેની તકેદારી રાખવા તેમજ સંબંધિતોને જરૂરી સ્પષ્ટ સુચના આપવા તથા જિલ્લાની ફાળવણી ધ્યાને લઈ **ડબલ ફોર્ટિફાઇડ મીઠાનો બગાડ ન થાય તે માટે જથ્થાના ૫૦% મુજબ વિતરણ** કરવા તમામને જરૂરી સૂચના આપવા વિનંતી છે.

મીઠાનું વિતરણ વાજબી ભાવની દુકાનો દ્વારા તમામ NFSA તથા Non NFSA BPL કાર્ડધારકોને સમયસર શરૂ થઈ શકે તે માટે જિલ્લા/તાલુકા ગોડાઉન ખાતે ફાળવણી મુજબનો ગુણવત્તાયુક્ત પુરેપુરો જથ્થો સમયમર્યાદામાં ઉપલબ્ધ થાય તે ગુ.રા.ના.પુ.નિગમે નિશ્ચિત કરવાનું રહેશે, જિલ્લા પુરવઠા અધિકારીશ્રીએ ના.પુ.નિગમના જિલ્લા પુરવઠા મેનેજરશ્રી ગ્રેડ-૧ તરીકે પુરવઠા નિગમ અને જિલ્લાતંત્ર વચ્ચે સંકલન રાખી સુદૃઢ વ્યવસ્થા ગોઠવવાની રહેશે.

વધુમાં, રાજ્યમાં એનિમિયા જેવા રોગોના નિવારણ અર્થે આયર્ન અને આયોડિનયુક્ત ડબલ ફોર્ટિફાઇડ મીઠાનું વિતરણ કરવામાં આવતું હોઈ, લાભાર્થીઓમાં ડબલ ફોર્ટિફાઇડ મીઠા બાબતે ગેરમાન્યતા ઉત્પન્ન ના થાય અને તેના લાભોથી લાભાર્થીઓ પરિચિત થાય તે માટે આપની કક્ષાએથી તબીબી તજજ્ઞોના માર્ગદર્શન હેઠળ જરૂરી પ્રચાર-પ્રસારની કાર્યવાહી હાથ ધરવા વિનંતી છે.

બિડાણ: **ઑગષ્ટ-૨૦૨૪**ના માસનું મીઠાની ફાળવણીનું પત્રક.

**નિયામક**
**અન્ન અને નાગરિક પુરવઠા,**
**ગાંધીનગર.**

<u>નકલ રવાના:</u>

(૧) મેનેજીંગ ડિરેકટરશ્રી, ગુજરાત રાજ્ય નાગરિક પુરવઠા નિગમ લી., ગાંધીનગર તરફ મીઠાની માસિક જથ્થાની જરૂરિયાતના આધારે અગ્રતાના ધોરણે ગુણવત્તાયુક્ત જથ્થો ઉપલબ્ધ કરાવવા સંબંધિતોને જરૂરી સુચના આપવા સારૂ.

(૨) નાયબ સચિવશ્રી, (ક-શાખા) અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રા.બા. વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

(૩) મેનેજરશ્રી (ખરીદી), ગુજરાત રાજ્ય નાગરિક પુરવઠા નિગમ લી., ગાંધીનગર તરફ જાણ તેમજ આપના તાબાની કચેરી તથા સંબંધિતોને સામેલ પત્રકની જિલ્લાવાર ૫૦% મુજબ ફાળવણી ધ્યાને લઈ દુકાનદારો દ્વારા જરૂરીયાત મુજબ ચલણના પૈસા ભરાઇ ગયા બાદ સમયમર્યાદામાં ડોરસ્ટેપ ડીલીવરી મારફત તમામ દુકાનો સુધી જથ્થો પહોંચી જાય તેની તકેદારી રાખવાની સ્પષ્ટ સૂચના આપવાની કાર્યવાહી સારૂ.

(૪) આઈ.સી.ટી. શાખા, અન્ન અને નાગરિક પુરવઠા કચેરી, ગાંધીનગર તરફ જાણ તથા NIC ના સંકલનમાં રહી માહે ઑગષ્ટ-૨૦૨૪ માસ માટે ૫૦% ફાળવણી મુજબની કાર્યવાહી કરવા સારૂ.

(૫) સીનીયર ટેક્નિકલ ઓફિસરશ્રી, NIC તરફ માહે ઑગષ્ટ-૨૪ માસ માટે ૫૦% ફાળવણી એક જ ચલણથી ભરી શકે તેવો વિકલ્પ સિસ્ટમમાં ઉપલબ્ધ કરાવવા સારૂ. જૂલાઇ માસનો બચત જથ્થો દુકાનદાર ૧ ઑગષ્ટથી વિતરણ કરી શકે તે માટે જરૂરી કાર્યવાહી થવા વિનંતી.

(૬) નાયબ નિયામકશ્રી, તપાસણી (હેડકવાર્ટર) શાખા/ બજેટ (સબસીડી) શાખા/ MIS શાખા/ વહીવટ શાખા/ પીડીએસ શાખા તરફ જાણ તથા જરૂરી કાર્યવાહી સારૂ.

(૭) સિલેક્ટ ફાઇલ.

**For the Month August-2024 Alloment for Distribution of Double Fortified Salt to NFSA (AAY & PHH ) & Non NFSA BPL Card Holders**

(fig in M.T)

| Sr No | Districts | No. of Online Cards as on Dt.18-07-2024 | | | | Total Allocation of 1 kg DFS @ Rs.1/- per Card(50%) |
|---|---|---|---|---|---|---|
| | | No. of AAY Card | No. of PHH Card | No. of Non NFSA BPL Card | Total card | |
| 1 | Ahmedabad | 24,922 | 1,63,075 | 3 | 1,88,000 | 94 |
| 2 | Ahmedabad City | 21,432 | 3,35,400 | 6 | 3,56,838 | 178 |
| 3 | Amreli | 22,234 | 1,72,771 | 0 | 1,95,005 | 98 |
| 4 | Anand | 27,660 | 2,47,274 | 1 | 2,74,935 | 137 |
| 5 | Arvalli | 22,274 | 1,42,957 | 0 | 1,65,231 | 83 |
| 6 | Banaskantha | 65,354 | 3,82,951 | 0 | 4,48,305 | 224 |
| 7 | Bharuch | 19,371 | 1,49,363 | 3 | 1,68,737 | 84 |
| 8 | Bhavnagar | 23,451 | 3,16,113 | 1 | 3,39,565 | 170 |
| 9 | Botad | 6,934 | 1,08,953 | 0 | 1,15,887 | 58 |
| 10 | Chotta Udepur | 16,852 | 1,32,764 | 0 | 1,49,616 | 75 |
| 11 | Dahod | 70,748 | 2,38,363 | 1 | 3,09,112 | 155 |
| 12 | Dang | 4,841 | 42,093 | 2 | 46,936 | 23 |
| 13 | Devbhumi Dwarika | 5,415 | 1,12,664 | 0 | 1,18,079 | 59 |
| 14 | Gandhinagar | 10,620 | 1,62,186 | 0 | 1,72,806 | 86 |
| 15 | Geer Somnath | 12,372 | 1,67,784 | 0 | 1,80,156 | 90 |
| 16 | Jamanagar | 11,714 | 1,96,983 | 7 | 2,08,704 | 104 |
| 17 | Junagadh | 15,373 | 2,22,674 | 1 | 2,38,048 | 119 |
| 18 | Kheda | 31,802 | 2,49,821 | 1 | 2,81,624 | 141 |
| 19 | Kutchh | 22,172 | 2,52,060 | 10 | 2,74,242 | 137 |
| 20 | Mahesana | 12,173 | 2,87,217 | 6 | 2,99,396 | 150 |
| 21 | Mahisagar | 17,578 | 1,32,926 | 0 | 1,50,504 | 75 |
| 22 | Morbi | 6,200 | 1,38,843 | 0 | 1,45,043 | 73 |
| 23 | Narmada | 25,810 | 77,331 | 0 | 1,03,141 | 52 |
| 24 | Navsari | 46,479 | 1,34,544 | 2 | 1,81,025 | 91 |
| 25 | Panchamahal | 28,253 | 2,17,647 | 9 | 2,45,909 | 123 |
| 26 | Patan | 20,452 | 2,15,443 | 5 | 2,35,900 | 118 |
| 27 | Porbandar | 7,633 | 74,734 | 0 | 82,367 | 41 |
| 28 | Rajkot | 19,682 | 2,82,701 | 0 | 3,02,383 | 151 |
| 29 | Sabarkantha | 25,953 | 1,83,730 | 13 | 2,09,696 | 105 |
| 30 | Surat | 30,324 | 3,47,563 | 14 | 3,77,901 | 189 |
| 31 | Surendranagar | 18,284 | 2,30,106 | 2 | 2,48,392 | 124 |
| 32 | Tapi | 30,920 | 1,14,360 | 2 | 1,45,282 | 73 |
| 33 | Vadodara | 26,574 | 2,25,840 | 0 | 2,52,414 | 126 |
| 34 | Valsad | 24,003 | 1,97,156 | 5 | 2,21,164 | 111 |
| | **Total** | **7,75,859** | **66,56,390** | **94** | **74,32,343** | **3,716** |

**Director, Food & Civil Supply, Gandhinagar**